| MGVCL | મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,<br>સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા –૩૯૦૦૦૭.<br>CIN :U40102GJ2003SGC042907<br>ફેક્સ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪<br>ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦<br>ઈમેઈલ : cetech.mgvcl@gebmail.com<br>ઈમેઈલ : ceproj.mgvcl@gebmail.com | G20 ભારત 2023 INDIA |
|---|---|---|


# ❖ ખેતી વિષયક વીજ જોડાણો

# ❖ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ:

હાલના ધોરણે સમગ્ર રાજ્યમાં **આદિજાતિ વિસ્તારોમા રહેતા લાભાર્થીઓ** માટે સદર ખેતીવિષયક વીજળીકરણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

જે અન્વયે અરજદારશ્રીઓ દ્વારા નીચે મુજબની તકેદારી રાખી અરજી કરવાની રહે છે;

૧. આદિજાતિ વિસ્તાર પેટા યોજના રાજયના આદિજાતિ વિસ્તારોમા અમલી છે.
૨. સદર યોજના માટે રાજય સરકાર તરફથી નાણાંની ફાળવણી કરવામા આવે છે.
૩. સદર યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા લાભાર્થીએ જમીનને લગતા જરૂરી દસ્તાવેજો દા.ત. ૭/૧૨ , ૮-અ , હક્કપત્રક વિગેરે સાથે રજીસ્ટ્રેશન ચાજીર્સ ભરી સંલગ્ન વીજ વિતરણ કંપનીની સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે અરજી કરવાની રહે છે. હાલમાં અરજી ઓનલાઈન માધ્યમ દ્વારા નોંધણી કરવામાં આવેલ છે.
૪. સદર યોજના હેઠળ લાઇન ચાર્જિસ એટલેકે, ભારે દબાણ (એચટી) તેમજ હલકા દબાણ (એલ ટી) લાઇન, વીજ ટ્રાન્સફોર્મર સેન્ટર તેમજ સર્વીસ કનેકશનની કિંમત લાભાર્થીઓ પાસેથી વસુલવામાં આવતી નથી.
૫. એનર્જી ડીપોઝીટ, એગ્રીમેન્ટ ફી, ટેસ્ટ રીપોર્ટ ફી ગ્રાહક પાસેથી વસુલ કરવામા આવે છે